# તમને પૈસા આપવાનું વચન આપતા ઈમેલ/એસએમએસ/કોલ્સ દ્વારા છેતરશો નહીં.

## વિદેશથી ફંડની બનાવટી ઓફરો વિશે Email, SMS, ફોન કોલથી સાવધ રહો

### RBI દ્વારા ચેતાવણી.

- RBI માં કોઇ વ્યક્તિગત ખાતું ધરાવતું નથી.
- RBI ના નકલી નામ થી સાવધ રહો.
- RBI કોઈ પણ વ્યક્તિને લોટરી જીતવા/વિદેશમાંથી મળેલા પૈસા વિશે ફોન કરતું નથી.
- RBI તરફથી લોટરી માટે અથવા કોઈ ફંડની જાણ માટે નો કોઈપણ ઇમેઇલ મોકલવામાં આવતો નથી.
- RBI લોટરી જીતવાની ઑફરો અથવા વિદેશમાંથી મળેલા ફંડ વિશે વાતચીત કરવા માટે કોઈ SMS અથવા પત્ર અથવા ઇમેઇલ મોકલતી નથી.
- ભારતીય રિઝર્વ બેંકની એક માત્ર અધિકૃત અને માન્ય વેબસાઇટ છે. ( https://www.rbi.org.in/ અથવા https://rbi.org.in/ ) તેથી તમામ લોકો ને સાવચેતી સાથે જણાવી દઈએ કે, નકલી લોગો અને 'રિઝર્વ બેંક', 'RBI' વગેરેથી શરૂ થતા નામ વાળી ફેક વેબસાઇટ્સ દ્વારા દોરાઈ જશો નહિ,
- આવા ફ્રોડ વિશે તાત્કાલિક સ્થાનિક પોલીસ અથવા સાયબર ક્રાઈમ ઓથોરિટીને જાણ કરો.
- ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 હેઠળ લોટરી/ઈનામોમાં ભાગ લેવા માટે રેમિટન્સ પ્રતિબંધિત છે
- RBI વ્યક્તિઓ/કંપનીઓ/ટ્રસ્ટનો હિસાબ રાખતી નથી તેમજ વિતરિત કરવા માટે વિદેશી ભંડોળ પણ રાખતી નથી.
- RBI વિદેશમાંથી ભંડોળની રસીદ કે હોલ્ડિંગનો પુરાવો આપતા એવિડન્સ સર્ટિફિકેટ જારી કરતું નથી.
- તમે ગુનેગારોની જાણ તથા તમામ માહિતી સ્થાનિક પોલીસ /સાયબર ક્રાઈમ પાસે લાવી શકો છો જેથી કાર્યવાહી શરૂ કરી શકાય.
- કોઈપણ વ્યક્તિને તમારા બેંક એકાઉન્ટ ચલાવવાની મંજૂરી આપશો નહીં! રોકડની ઓફરના બદલામાં તમારા એકાઉન્ટની વિગતો શેર કરવી નહિ.

### શું રિઝર્વ બેંક લોકોની સાવધાની માટે કંઈક કરી રહી છે?

- રિઝર્વ બેંકે ભૂતકાળમાં ઘણા A.P. (DIR સિરીઝ) પરિપત્રો જારી કર્યા છે. જેમાં ફોરેન એક્સચેન્જ વ્યવહાર કરવા માટે અધિકૃત બેંકોને ચેતવણી આપવામાં આવી છે (જેને અધિકૃત ડીલર બેંકો કહેવાય છે) આ પ્રકારની છેતરપિંડી અંગેની શ્રેણીમાં નવીનતમ A.P. (DIR સિરીઝ) પરિપત્ર નંબર 54 તારીખ મે. 26, 2010 જાહેર કરાઈ છે.
- RBI એ આવી ફેક ઑફરો સામે લોકોને સાવધાન કરવા માટે પ્રેસ રિલીઝ જારી કરી છે.જે વેબસાઇટ www.rbi.org.in પર કાયમી ટિકર તરીકે ઉપલબ્ધ છે.
- તેમજ ભારત સરકાર દ્વારા યોજાતા “જાગો ગ્રાહક જાગો” કાર્યક્રમ હેઠળ ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયામાં તેનો પ્રચાર કર્યો છે.
- એ લોકો જેઓ આવી ફ્રોડ ઑફરો વિશે સ્પષ્ટતા માટે અમારો સંપર્ક કરે છે તેમને પણ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવાની સલાહ આપવામાં આવી છે.

### શું RBI આવા ગુનાઓની તપાસ કરી રહી છે?

- રિઝર્વ બેંક પાસે ગુનેગારોને શોધી કાઢવા અને કોઈ તપાસ માટેનો પાવર નથી.
- ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ એ એક FEMA, 1999 હેઠળ તપાસ એજન્સી છે.
- આવા ફ્રોડ નો ભોગ બનેલા લોકોએ સ્થાનિક પોલીસને જાણ કરવી જોઈએ. જે આવી છેતરપિંડી કરનારાઓ સામે પગલાં લેવા માટે અધિકૃત છે અને ભવિષ્યમાં ફરી આવું ના થાય તેની પણ ખાતરી કરવી જોઈએ.

### જ્યારે અમને આવી ફેક ઑફર્સ ત્યારે, શું કરવું જોઈએ?

- આ પ્રકારના ફ્રોડસ ને નકારવા જોઈએ,અને તેમાં ભાગ લેવા માટે કોઈ પૈસાની ચૂકવણી કરવી જોઈએ નહીં.
- ફરિયાદ નોંધવા માટે કૃપા કરીને તાત્કાલિક સ્થાનિક પોલીસ/સાયબર ક્રાઈમ સેલ/સ્થાનિક આર્થિક ડીપાર્ટમેન્ટ સંપર્ક કરો.
- આવી ફેક ઓફરો અંગે કોઈ શંકા હોય તો, રિઝર્વ બેંકની વેબસાઈટનો સંદર્ભ લઈ શકો છો.

### FEMA હેઠળ લોટરીમાં ભાગ લેવા માટે ફોરેન એક્સચેન્જ પર પ્રતિબંધ છે!!!

### લોકોને છેતરવા માટે વાપરવામાં આવતી ચોક્કસ પ્રકારની રીત

- લોટરી જીતવા / વિદેશમાંથી વિદેશી ચલણમાં સસ્તા ભંડોળના રેમિટન્સ / રોજગાર ઑફર્સ / શૈક્ષણિક ઑફર્સ / જોબ ઑફર્સ / ઇમીગ્રેશન વિઝા / ફેમસ વિદેશી યુનિવર્સિટીમાં પ્રવેશ વગેરે સાથે સંબંધિત હોઈ શકે છે.
- તે સામાન્ય રીતે પત્રો, ઈ-મેઈલ, મોબાઈલ ફોન, SMS વગેરે દ્વારા કરવામાં આવે છે. કેટલીકવાર છેતરપિંડી કરનારાઓ પ્રમાણપત્રો, પત્રો, પરિપત્રો, વગેરે બહાર પાડે છે, ભારતીય રિઝર્વ બેંક દ્વારા મોકલવામાં આવ્યા હોય અને જેમાં સહી કરેલ હોય તેવા દેખાય છે . જેમાં ટોપ એમ્પ્લોયીઝ, સિનિયર એમ્પ્લોઇઝ સાચા છે એમ દેખાડવામાં આવે છે.
- છેતરપિંડી કરનારાઓ વ્યક્તિઓને ટેલિફોન નંબરો અને બનાવટી ઈ-મેલ આઇડી બતાવી તેઓ રિઝર્વ બેંકના વરિષ્ઠ અધિકારીઓ છે તેમ વાત કરે છે.
- છેતરપિંડી કરનારાઓ લોકોને વાતોમાં ફસાવી તેમની પાસેથી અલગ-અલગ કાર્ય માટે પૈસાની માંગણી કરે છે, જેમ કે પ્રોસેસિંગ ફી/ટ્રાન્ઝેક્શન ફી/ટેક્સ ક્લિયરન્સ ચાર્જ/ કન્વર્જન ચાર્જ, ક્લિયરિંગ ફી વગેરે.
- આ ફ્રોડનો ભોગ બનેલા મોટાભાગના લોકોને ભારતની વિવિધ બેંકોના ખાતામાં રકમ જમા કરાવવા માટે સમજાવવામાં આવે છે.
- શરૂઆતમાં માંગણી કરવામાં આવેલ પ્રારંભિક રકમ જમા થઈ જાય, પછી તરત જ ખાતામાંથી નાણાં ઉપાડી લેવામાં આવે છે અને ટ્રાન્ઝેક્શન ટેક્સ, રજિસ્ટ્રેશન મની વગેરેના નામે વધુ રકમની નવી માંગણીઓ કરવામાં આવે છે.

### શું આ ઓફર બનાવટી હોય છે ? શા માટે ?

- મોટાભાગે , આ ઑફર્સ વિશે બધું જ બનાવટી છે જે ઈમેલ આઈડીથી લઈને કોલ કરનાર વ્યક્તિ અને ઑફર પણ.

**પરંતુ, જયારે કોલ કરનાર અથવા મેઈલ કરનારે કહ્યું કે નાણાં RBIના વ્યક્તિ/કંપની/ટ્રસ્ટના નામે ખાતામાં રાખવામાં આવ્યા છે અને RBI ત્યારે જ ફંડનું વિતરણ કરશે જ્યારે માંગવામાં આવેલી રકમ બેંકમાં જમા કરવામાં આવશે.**

- રિઝર્વ બેંક વિતરિત કરવા માટે વ્યક્તિઓ/કંપનીઓ/ટ્રસ્ટ વગેરેના નામે કોઈ ખાતાં રાખતી નથી.
- રિઝર્વ બેંકમાં પૈસા જમા કરાવવા માટે વ્યક્તિઓ માટે એકાઉન્ટ પણ ખોલતી નથી.
- અને , RBI આ પ્રકારના એકાઉન્ટ્સમાં નાણાને સાચવી રાખવાનો પુરાવો આપતા પ્રમાણપત્રો અથવા રસીદો જારી કરતું નથી.
- રિઝર્વ બેંક તેના કોઈપણ અધિકારીને આવા વિતરણ માટે અધિકૃત કરતી નથી.

**જો હું આ બનાવટનો ભોગ બનું તો શું મને મારા પૈસા પાછા મળશે?**

- ખાતામાં જે પૈસા જમા થાય છે તે જમા થયા પછી તરત જ ઉપાડી લેવામાં આવે છે. તેથી સ્વાભાવિક રીતે પૈસા ખોવાઈ જાય છે, પરંતુ વધુ મહત્ત્વની વાત એ છે કે તમે આ કરીને ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરો છો .
- ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 હેઠળ બનવામાં આવેલા કરન્ટ એકાઉન્ટ નિયમોની દ્રષ્ટિએ, લોટરી અથવા લોટરી જેવી સ્કીમમાં ભાગ લેવા, મની સર્ક્યુલેશન સ્કીમ જેવા અલગ-અલગ નામો હેઠળ કામ કરવા અથવા ઈનામની રકમ/એવોર્ડ્સ મેળવવાના હેતુથી રેમિટન્સ માટે કોઈપણ સ્વરૂપમાં રેમિટન્સ વગેરે,પર પ્રતિબંધિત છે.
- વિદેશી વિનિમય વ્યવસ્થાપન અધિનિયમ, 1999 ના ભંગ બદલ ભારતની બહાર આવી ચૂકવણીઓ પ્રત્યક્ષ/આડકતરી રીતે એકત્રિત કરવા અને પ્રભાવિત કરવા / મોકલવા માટે ભારતમાં રહેતી કોઈપણ વ્યક્તિ સામે પગલાં લઈ શકાય છે.

**RBI આ ફ્રોડથી શા માટે ચિંતિત છે?**

- ઘણા લોકો સસ્તા ફંડની આવી બનાવટી ઓફરોનો ભોગ બન્યા છે અને મોટી રકમ ગુમાવી ચૂક્યા છે.
- વધુમાં, આ હેતુ માટે ભારતની બહાર રેમિટન્સ મોકલવું એ FEMA, 1999 ની જોગવાઈઓ વિરુદ્ધ છે.
- RBI ના બનાવટી લેટર હેડ પરના પત્રો/પ્રમાણપત્રો વગેરે અને તેના ટોચના અધિકારીઓ દ્વારા કથિત રીતે હસ્તાક્ષર કરાયેલા ચલણમાં છે, તેમ છતાં RBI ભંડોળના વિતરણ માટે વ્યક્તિઓ, કંપનીઓ/ટ્રસ્ટ વગેરેના નામ પર કોઈ એકાઉન્ટ જાળવી રાખતી નથી.
- ઉપરાંત, છેતરપિંડી કરનારાઓ રિઝર્વ બેંકના અધિકારી હોવાનો ઢોંગ કરે છે અને આ મામલે ટેલિફોન નંબર અને બનાવટી ઈમેલ આઈડી આપીને લોકોને ફોન પર સંપર્ક કરે છે.
- જનતાને લલચાવવા માટે રિઝર્વ બેંકની વેબસાઈટને ડુપ્લિકેટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.